# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૩/૧/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર અને સુરત એમ્બ્રોઇડરી એસોસિએશનના સંયુકત ઉપક્રમે સરસાણા ખાતે 'સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઇલ એન્ડ મશીનરી એક્ષ્પો– સીટમે'૨૦નો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો

## <u>'સીટમે' પ્રદર્શનમાં પ્રથમ દિવસથી જ બાયર્સનો ધસારો જોવા મળ્યો</u>

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત એમ્બ્રોઇડરી એસોસિએશનના સંયુકત ઉપક્રમે તા. ૩/૧/૨૦૨૦ થી ૫/૧/૨૦૨૦ દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'સુરત ઇન્ટરનેશનલ ટેક્ષ્ટાઇલ એન્ડ મશીનરી એક્ષ્પો – સીટમે ૨૦૨૦'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. આજે બપોરે ૧૨:૦૦ કલાકે મુખ્ય મહેમાન માનનીય સાંસદ શ્રી સી.આર. પાટીલના વરદ હસ્તે ''સીટમે'૨૦'' પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતુ. સમારોહમાં ચાઇના અને કોરીયાની વિવિધ કંપનીથી પધારેલા હોદ્દેદારો શ્રી વાન્ગ, શ્રી પીન્ગ, શ્રી ચેન, શ્રી સની લુ અને શ્રી રુ શુકીન્ગે અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યુ હતુ. દીપ પ્રાગટયવિધી સાથે સમારોહની શરૂઆત થઇ હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને નવા વર્ષની શુભેચ્છા પાઠવી પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલમાં હાઇસ્પીડ મશીનરી થકી ઉત્પાદીત થતુ કાપડ આવનારા દિવસોમાં બ્રાન્ડ બની રહેશે. જેને પગલે ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીને ઘણો ફાયદો થશે. ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ ઇન્ડસ્ટ્રીમાં સુરત એમએસએમઇનું હબ છે ત્યારે આગામી દિવસોમાં ટેક્ષ્ટાઇલમાં વેલ્યુ એડીશન કરવાનું છે. ડિજીટલ પ્રિન્ટીગ અને એમ્બ્રોઇડરી મશીનરી થકી સુરતમાં રીયલ ફેબ્રિકની ઓળખ થશે. ભવિષ્યમાં ડિજીટલ પ્રિન્ટીગની ડિમાન્ડ રહેશે. આ પ્રદર્શનથી ઇન્ડસ્ટ્રીને નવી દિશા મળશે. પ્રદર્શનમાં પ્રથમ દિવસથી જ બાયર્સનો ખૂબ જ મોટી સંખ્યામાં ધસારો જોવા મળી રહયો છે.

સમારોહના મુખ્ય મહેમાન સાંસદ શ્રી સી.આર. પાટીલે જણાવ્યુ હતુ કે, સુરત માટે ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ ઇન્ડસ્ટ્રી મહત્વની છે. કાપડને કારણે સુરત દેશમાં ચમકયુ છે અને ડાયમંડને કારણે આખા વિશ્વમાં ચમકયુ છે. એમ્બ્રોઇડરીને કારણે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને જીવનદાન મળ્યુ છે. એમ્બ્રોઇડરીમાં ઓછા રોકાણમાં વધારે સારુ કામ કરી શકયા છે. જેમાં પણ વારંવાર તેજી–મંદી આવતી હતી પણ નવી શોધ કરીને ઉદ્યોગકારો આગળ વધી રહયા છે. સુરત ઝડપથી બદલાઇ રહયુ છે પણ અહીંના લોકો બદલાતા નથી. સુરતીઓમાં વિનમ્રતા છે એટલે વિવિધ દેશોના લોકો સુરત આવવા માટે તત્પર હોય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે નોટબંધી પછી મંદીના વાતાવરણની માત્ર લોકોની માનસિકતા હતી. બિઝનેસને કોઇ નુકસાન થયુ નથી. નોટબંધીમાં નોટ બેંકમાં ગઇ અને રૂપિયાનું ઇન્વેસ્ટમેન્ટ થયુ. જો કે, વૈશ્વિક મંદીની અસર સુરતમાં જોવા મળી હતી. ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી હવે આ મંદીમાંથી બહાર આવી રહી છે. નવુ એક્ષ્પાન્શન કરનારા ટ્રેડર્સ પણ બિઝનેસમેનોને પોતે કરેલા ગ્રોથની માહિતી આપી રહયા છે.

શ્રી પાટીલે વધુમાં કહયુ હતુ કે, ઇન્ડસ્ટ્રીના લોકો સરકાર પાસે વિવિધ માંગણીઓ કરે છે પણ સુરતના ઉદ્યોગપતિઓ સરકારને સૂચન કરે છે. ચેમ્બરના આગેવાનો પણ પોઝીટીવ રજૂઆત કરે છે. સુરતના ઉદ્યોગકારોએ જીએસટીનો વિરોધ કર્યો ન હતો તેઓએ માત્ર સરળીકરણની વાત કરી હતી. સુરતનો જીએસટી ગ્રોથ ઘણો સારો છે. ઉદ્યોગકારોને દેશમાં સૌથી ટોપ ઉપર રહેવાની આદત પડી ગઈ છે. ઉદ્યોગકારો કાપડમાં નવી મૌલિકતા લાવવા પ્રયાસ કરતા હોય છે. એના માટે તેઓ નવી ટેકનોલોજીવાળી મશીનરી અપનાવે છે અને મોંઘામાં મોંઘી મશીનરી સુરતમાં ખરીદાય છે. તેમણે કહયુ કે, દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી પણ પ્રોડકટ અને પેકીંગની કવોલિટી સુધારવા પર જ ભાર આપે છે. આ પ્રદર્શનથી સારુ માર્કેટીંગ થશે. અન્ય ઉદ્યોગકારો પણ એમ્બ્રોઈડરી મશીનરી બિઝનેસમાં ઝંપલાવી શકે છે.

ચેમ્બરના એકઝીબીશન સેલના હેડ શ્રી દેવેશ પટેલે જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલમાં સુરતની બ્રાન્ડને પ્રમોટ કરવા માટે એમ્બ્રોઇડરીનું મોટુ યોગદાન છે. એમ્બ્રોઇડરી રજવાડાના સમયથી આજ સુધી આગવું સ્થાન ધરાવે છે. હવે એમ્બ્રોઇડરીમાં નવી ટેકનોલોજી આવી રહી છે. જેથી સુરતની ઇન્ડસ્ટ્રીને વેગ મળશે.

સુરત એમ્બ્રોઇડરી એસોસિએશનના પ્રમુખ શ્રી સંદીપ દુગ્ગલે જણાવ્યુ હતુ કે, સુરતમાં વર્ષ ૨૦૦૧થી એમ્બ્રોઇડરી મશીનરીનો સિનારીયો જોવા મળી રહયો છે. દર વર્ષે પાંચ હજાર જેટલા નવા મશીનો સુરતમાં આવી રહયા છે ત્યારે હાલ આશરે સવા લાખથી દોઢ લાખ સુધી એમ્બ્રોઇડરી મશીન ધમધમી રહયાં છે. દેશમાં સૌથી વધુ સુરતનો જીડીપી ગ્રોથ ૯.૧૭ ટકા છે. એમ્બ્રોઇડરી ઇન્ડસ્ટ્રી આ ગ્રોથને હજી આગળ વધારવા માટે પ્રયાસ કરશે.

અતિથિ વિશેષ શ્રી સની લુએ જણાવ્યુ હતુ કે, બિઝનેસ માટે છેલ્લા વીસ વર્ષથી સુરત આવી રહયો છુ. વિશ્વભરમાં સૌથી લેટેસ્ટ એમ્બ્રોઇડરી મશીનરીનું માર્કેટ સુરત બની ગયુ છે. એમ્બ્રોઈડરીની મોટાભાગની મશીનરી સુરતમાં જોવા મળી રહી છે. સુપર હાઇસ્પીડ અને સુપર કવોલિટીવાળી મશીનરી સુરતમાં છે. તેમણે એકઝીબીશનને સફળતા મળે તેવી આશા વ્યકત કરી હતી.

શ્રી રુ શુકીન્ગે જણાવ્યુ હતુ કે, સુરત ભારતનું એકમાત્ર એમ્બ્રોઇડરી મશીનનું મોટું માર્કેટ છે. હુ ચોથી વખત સુરત આવ્યો છુ. દર વખતે સુરતમાં નવો બદલાવ જોવા મળી રહયો છે. સુરત કલીન અને સુંદર ઇન્ડસ્ટ્રીવાળુ શહેર

બની ગયુ છે. વિશ્વ માટે સુરત મહત્વનું માર્કેટ છે. આખા વિશ્વની નજર હવે સુરત ઉપર છે. છેલ્લા દસ વર્ષથી એમ્બ્રોઇડરી મશીનરીમાં સારી સર્વિસ લઇ રહયો છુ. ઇન્ડસ્ટ્રીને સારો બિઝનેસ અહીથી મળી રહયો છે. એમ્બ્રોઇડરીમાં હવે નવી ટેકનોલોજી અને નવી પ્રોડકટ જોવા મળી રહી છે. વર્ષ ૨૦૨૦માં ચોકકસ જ સારો બિઝનેસ મળી રહેશે.

સમારોહને અંતે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ જણાવ્યુ હતુ કે, એમ્બ્રોઇડરી ઇન્ડસ્ટ્રીને કારણે પણ સુરતમાં રોજગારીની તક ઉભી થઇ છે. આ ઇન્ડસ્ટ્રીમાં નવી ટેકનોલોજી અપગ્રેડ થઇ રહી છે અને માર્કેટમાં સારી પ્રોડકટ મળી રહી છે. ચેમ્બર સુરતને ટેક્ષ્ટાઇલ મશીનરી મેન્યુફેકચરીંગનું હબ બનાવવાની દિશામાં પણ પ્રયાસ કરી રહી છે તેમ જણાવી તેમણે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સમારોહનું સમાપન થયુ હતુ.